**ટ્રાન્સમિશન લાઈન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકામાં સુધારા બાબત.**

**ગુજરાત સરકાર**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૪.૧૦.૨૦૨૪

**વંચાણે લીધા :-**

(૧) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૧૪.૦૮.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૨) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૨૦.૦૯.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૩) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૩૧.૧૨.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૪) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૨૫.૦૮.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૫) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૦૧.૦૩.૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૬) મહેસુલ વિભાગનો તા.૧૩.૦૪.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: એસટીપી-૧૨૨૦૨૩-૨૦-હ.૧.
(૭) મિનિસ્ટ્રી ઓફ પાવર- ભારત સરકારની તા.૧૪.૦૬.૨૦૨૪ની માર્ગદર્શિકા ક્રમાંક: ૩/૪/૨૦૧૬-ટ્રાન્સ-પાર્ટ(૪)
(૮) માન. મંત્રીશ્રી (પાવર)- ભારત સરકારનો તા.૨૭.૦૮.૨૦૨૪નો પત્ર ક્રમાંક: સીએમએસ/જીઓઆઈ/૨૦૨૪/૪૩૬૪૭

**પ્રસ્તાવના:**

ભારતીય વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ની કલમ-૬૭ અને કલમ-૬૮ની જોગવાઇઓ સાથે ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ ની કલમ-૧૦ અને કલમ-૧૬માં થયેલ જોગવાઈ મુજબ, વ્યાખ્યાયિત "નુકશાન" માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને(ખેડૂતમિત્રો/જમીનમાલિકોને) તેઓની જમીન-પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે વળતર આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક, તા.૧૪.૦૮.૨૦૧૭ના ઠરાવની જોગવાઈઓ અનુસાર વળતર ચૂકવવાનું નિર્ધારિત કરવામાં આવેલ. તેમાં સમયાંતરે તા.૨૦.૦૯.૨૦૨૧, તા.૩૧.૧૨.૨૦૨૧, તા.૨૩.૦૮.૨૦૨૩ અને હાલમાં તા.૦૧.૦૩.૨૦૨૪ના ઠરાવ મુજબની જોગવાઈઓ અનુસારનું વળતર ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે.

રાજ્યમાં ટ્રાન્સમિશન લાઇન નાંખતી વખતે તેના વળતર સંબંધિત વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવેલ. ટ્રાન્સમિશન લાઇનના નિર્માણ દરમિયાન રાઈટ ઓફ વે (RoW) સંબંધિત વળતર માટે ભારત સરકાર દ્વારા તા.૧૪.૦૬.૨૦૨૪ના પત્રથી માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં ટ્રાન્સમીશન લાઇન/ ટ્રાન્સમીશન ટાવર ઉભા કરવા અંગેના વળતર સંબંધિત વિવિધ પ્રશ્નોના સુચારુ નિરાકરણ માટે, રાજ્ય સરકાર કક્ષાએથી રચાયેલ ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણો મેળવવા માટે તા.૦૭.૧૦.૨૦૨૪ના રોજ સમિતિની બેઠક યોજવામાં આવેલ. ઉક્ત બેઠકમાં વળતર સંબંધિત વિવિધ પ્રશ્નો તેમજ મહેસુલ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનો સંબધિત વિગતવાર ચર્ચા અને વિચારણા બાદ બેઠકમાં વળતર સંબંધિત સુધારો કરવા સારું સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે રજુ કરવામાં આવેલ.

**સુધારા ઠરાવ:**

સરકારશ્રી દ્વારા આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, ટ્રાન્સમિશન ટાવર/ માળખાના સ્થાપનને કારણે ટાવર આધારિત વિસ્તાર (ટાવરના ચાર પાયા વચ્ચેના ભાગ)ની જમીનના નુકશાન પેટે ઓછા વળતર બાબતે રજૂઆત કે વાંધો રજુ કરવામાં આવે ત્યારે કલેકટરશ્રી દ્વારા વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાને લઈ કેસના ગુણદોષને આધારે જો વાજબી જણાય તો, કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને મળતી જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિ (D.L.V.C.) દ્વારા આવા કેસોમાં (ટાવરના ચાર પાયા વચ્ચેના ભાગની કિંમત નક્કી કરવા બાબતે) કિંમત નક્કી કરીને જિલ્લા કક્ષાએથી જ વળતર અંગેનો જાહેર હિતમાં આખરી નિર્ણય લેવાનો રહેશે.

૨. ગુજરાત સરકારના તા.૦૧.૦૩.૨૦૨૪ના ઠરાવની અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે.

૩. આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી અમલી બનશે.

૪. ઉક્ત ઠરાવ નાણાં વિભાગની તા.૦૯.૧૦.૨૦૨૪ની તથા મહેસુલ વિભાગની તા.૧૦.૧૦.૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભક્તિ શામળ)
ખાસ ફરજ પરના અધિકારી
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

નકલ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે રવાના પ્રતિ:-

(૧) નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, વીજળી મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી. (પત્ર દ્વારા)
(૩) માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. મંત્રીશ્રી (નાણાં, ઊર્જા અને પેટ્રો.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૬) અગ્રસચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર.
(૯) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., વડોદરા
(૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી. ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ., વડોદરા.
(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ., વડોદરા.
(૧૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિ., મહેસાણા.
(૧૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લિ., વડોદરા.
(૧૪) મેનેજીંગ ડીરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ., રાજકોટ.
(૧૫) મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ., સુરત.
(૧૬) એક્ઝીક્યુટીવ ડિરેકટરશ્રી, પાવર ગ્રીડ કોર્પોરેશન ઈન્ડિયા લિ., વડોદરા.
(૧૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. વડોદરા.
(૧૮) તમામ કલેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય.
(૧૯) મુખ્ય વિદ્યુત નિરિક્ષકશ્રી, મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૨૦) ડિરેકટરશ્રી, ટોરેન્ટ પાવર લિ., અમદાવાદ.
(૨૧) ગુજરાત સરકારના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
(૨૨) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર.
(૨૩) પસંદગી ફાઇલ.